આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **03-09-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## કેન્દ્રીયમંત્રી મંડળે ખેડૂતલક્ષી યોજનાઓને મંજૂરી આપી

કેન્દ્રીય મંત્રીમંડળે ખેડૂતોનું જીવનધોરણ સુધારવા અને તેમની આવક વધારવા કુલ 13 હજાર 966 કરોડ રૂપિયાનાં રોકાણ સાથેની સાત યોજનાઓને મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રીમંડળે કુલ બે હજાર આઠ સો 17 કરોડ રૂપિયાનો ખર્ચ ધરાવતા ડિજિટલ કૃષિ મિશનને પણ મંજૂરી આપી છે. નવી દિલ્હી ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટનાં નિર્ણયો અંગેની માહિતી આપી હતી

મંત્રીમંડળે ત્રણ હજાર 979 કરોડનાં કુલ ખર્ચે અન્ન અને પોષણ સલામતી યોજનાને પણ મંજૂરી આપી છે. સરકારે બે હજાર 291 કરોડ રૂપિયાનાં ખર્ચે કૃષિ શિક્ષણ અને વ્યવસ્થાને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. મંત્રીમંડળની બેઠકમાં એક હજાર 702 કરોડ રૂપિયાનાં ખર્ચે પશુધન આરોગ્ય અને વસતિ વૃધ્ધિ યોજનાને પણ મંજૂરી આપી છે.

આ ઉપરાંત, આઠ સો 60 કરોડ રૂપિયાનાં ખર્ચે બાગાયતના સતત વિકાસ કાર્યક્રમને મંજૂરી અપાઇ. એક હજાર 115 કરોડ રૂપિયાનાં ખર્ચે પ્રાકૃતિક સંસાધન વ્યવસ્થાને મજબૂત કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

મંત્રીમંડળની આ બેઠકમાં 18 હજાર 36 કરોડ રૂપિયાનાં ખર્ચે મુંબઇ-ઇન્દોર વચ્ચે 309 કિલોમીટર લાંબી નવી રેલવે લાઇન યોજનાને પણ મંજૂરી આપવામાં આવી.

દરમ્યાન, કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપવાની કેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડની દરખાસ્તને મંજૂરી આપી છે. 3,300 કરોડ રૂપિયાનાં સૂચિત રોકાણ સાથે સ્થપાનારા આ એકમની દૈનિક ક્ષમતા 60 લાખ ચિપ્સ હશે. આ યુનિટમાં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની એપ્લિકેશનોને પૂરી પાડવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લામાં આરોગ્યની 350થી વધુ ટીમો દ્વારા કામગીરી હાથ ધરાઇ

કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટે સાવચેતીના ભાગરૂપે આરોગ્ય વિભાગની ૩૫૦થી વધુ ટીમ નાગરિકોની મેડિકલ તપાસ, સર્વેલન્સ સહિતની તબીબી કામગીરીમાં જોડાઈ છે. ગામડાંઓમાં પીવાના પાણીના ટાંકામાં યોગ્ય ક્લોરિનેશન થાય તે બાબતને સુનિશ્ચિત કરવામાં આવી છે. આ

ઉપરાંત પાણી સુપર ક્લોરિનેટેડ કર્યા બાદ ઉકાળીને પીવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે. પાણી ભરાયેલા ખાડા ખાબોચિયા વાળા વિસ્તારોમાં દવાઓના છંટકાવ પણ  કરવામાં આવી રહ્યો  છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## જિલ્લામાં ખેતીમાં નુકસાનીનો સર્વે કરવા નિર્દેશ અપાયા

જિલ્લામાં પડેલા ભારે વરસાદની અસર ખેડૂતોના પાકમાં નુકસાનરૂપે જોવા મળી છે ત્યારે રાજ્ય પાક સર્વેની કામગીરી કરવા માટે નિદર્શો આપ્યા છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ, પાણી ભરાઈ જવાના લીધે કપાસ, મગફળી, મગ, મઠ, અડદ, તુવેર, તલ, દિવેલા, બાજરી, ગુવાર અને શાકભાજી તેમજ બાગાયતી પાકો જેવા કે પપૈયા અને કેળાના પાકમાં પ્રાથમિક દ્રષ્ટિએ નુકસાન જોવા મળ્યું છે.

જે અંતર્ગત જિલ્લાના પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયા અને જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ આપેલી સૂચના અનુસાર પાક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી કચેરી અને બાગાયત કચેરી દ્વારા ૧૦૦ જેટલી ટીમની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત કચ્છ જિલ્લો વિશાળ ખેતીવાડી વિસ્તાર ધરાવતો હોય જિલ્લામાં સર્વેની કામગીરી ઝડપથી અને ચોકસાઈથી થઈ શકે તે માટે

અન્ય જિલ્લામાંથી પણ ૮૦ ટીમની માગણી કરવામાં આવી છે. હાલમાં જિલ્લાના માંડવી, અબડાસા, લખપત, મુન્દ્રા, ભુજ, અંજાર, નખત્રાણા અને ગાંધીધામ તાલુકામાં વિગતવાર પાક સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

ખેતીવાડી કચેરીના પ્રાથમિક સર્વે અને અંદાજ મુજબ ૭૩૦ ગામના કૃષિ વિસ્તારમાં નુકસાની જોવા મળી છે. ખરીફ પાક અને બાગાયત પાકના અંદાજિત ૧ લાખ ૮૬  હજાર હેક્ટર વિસ્તારમાં પાક નુકસાન પ્રાથમિક દ્રષ્ટિએ જોવા મળ્યું છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા દ્વારા જણાવાયું છે.

માહિતી ખાતુ

------------------------------------------------------------------

## રેસિડેન્ટ અને ઇન્ટર્ન તબીબોને ફરજ પર હાજર થવા ફરમાન

રાજ્ય સરકારના સ્ટાઇપન્ડ વધારાના વિરોધમાં આંદોલન કરી રહેલા રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોને આજે સવારે 9 વાગ્યા સુધીમાં પોતાની ફરજ પર હાજર થવા રાજ્ય સરકારે ફરમાન કર્યું છે.

રાજ્ય સરકારે રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોના સ્ટાઇપન્ડમાં વધારો કર્યો હતો, જેનો તબીબોએ વિરોધ કર્યો હતો. 31મી ઓગષ્ટથી

આ તબીબો હડતાળ ઉપર ઉતર્યા છે. જો આજે સવારે આંદોલન કરી રહેલા તબીબો ફરજ પર હાજર નહીં થાય તો શિક્ષાત્મક પગલાં લેવાનું પણ જણાવાયું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## હવામાન વિભાગની આગાહી અને જિલ્લામાં વરસાદ

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન રાપર તાલુકાના ફતેહગઢ, ખાંડેક, મોળા, મમાયમોરા સહિતના ગામોમાં અત્યારે વહેલી સવારેથી વરસાદ વરસી રહ્યો હોવાનું ખાંડેકથી કરમશીભાઇ માલીએ ફોન પર જણાવ્યું હતું.

**કલ્પના શાહ**

---------------------------------------------------------------------